# લાંચ કાંડ મામલે પવનકુમાર બંસલની રાજીનામાની ઓફર વડાપ્રધાને ફગાવી

## ભત્રીજાની લાંચ કેસના સંબંધમાં ધરપકડ કરાયા બાદ ટિકા ટિપ્પણીનો સામનો કરતા પવનકુમાર બંસલ મુશ્કેલીમાં : કોંગ્રેસ કોર ગ્રુપની મિટિંગ પણ યોજાઈ

નવી દિલ્હી,તા. ૪

સનસનાટીપૂર્ણ લાંચ કેસના

સંબંધમાં ભત્રીજા વિજય સિંઘલાની ધરપકડ કરવામાં આવ્યા બાદ ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલા કેન્દ્રિય રેલવે પ્રધાન પવનકુમાર બંસલ આજે બપોરે વડાપ્રધાન મનમોહનસિંહને મળ્યા હતા અને રાજીનામાની ઓફર કરી હતી. બીજી બાજુ સાંજે કોંગ્રેસ કોર ગ્રુપની મહત્વપૂર્ણ મિટિંગ મળી હતી જેમાં લાંચના મામલે ઉભી થયેલી પરિસ્થિતિની સમિક્ષા કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકાર એક પછી એક ભ્રષ્ટાચારના કેસમાં ફસાઈ રહી છે અને તેની દેશભરમાં ટિકા ટિપ્પણી થઈ રહી છે. વડાપ્રધાને બંસલના રાજીનામાની ઓફરને ફગાવી દીધી હોવાનું જાણવા મળ્યુ છે. વિરોધ પક્ષ દ્વારા બંસલની હકાલપટ્ટીની માંગ તીવ્ર બની રહી છે. રેલવે બોર્ડના ચેરમેન વિનય મિત્તલ પણ મોડેથી બંસલને મળ્યા હતા. કોઈ પણ ખોટુ કામ કર્યુ હોવાનો ઈન્કાર કરતા બંસલે અગાઉ તેમના ભત્રીજાથી પોતાને દૂર રાખવાના પ્રયાસ કર્યા હતા. સરકારમાં ટોચના હોદ્દાને ફિક્સ કરવા બદલ ૯૦ લાખ રૂપિયાની લાંચ સ્વીકારવા બદલ બંસલના ભત્રીજાની ધરપકડ કરવામાં આવી હતી. બંસલે કહ્યુ હતુ કે તેઓએ હંમેશા જાહેર જીવનમાં ચોક્કસ ધારાધોરણ પાળી રહ્યા છે.

બંસલે કહ્યુ હતુ કે તેઓ આ મામલામાં સીબીઆઈ તપાસ ઝડપથી આગળ વધે તેમ પણ ઈચ્છે છે. પ્રધાને ઉમેર્યુ હતુ કે તેમના ભત્રીજા સાથે તેમના કોઈ પણ વેપારી સંબંધો નથી અથવા તો કોઈ પણ રીતે નાણાંકીય લેવડદેવડ ભત્રીજા સાથે મળીને કરી નથી. ચંદીગઢમાં સીબીઆઈના દરોડામાં તેમની બહેનની કંપનીની સંડોવણીના અહેવાલ અંગે વાત કરતા તેમણે કહ્યુ હતુ કે આ મામલા અંગે તેમની પાસે કોઈ પૂરાવા કે માહિતી નથી. નજીકના સંબંધી હોવા છતાં તેઓએ ક્યારેય સત્તાવાર હોદ્દાનો દુરુપયોગ કર્યો નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે બંસલના ભત્રીજા વિજય સિંઘલાની રેલવે અધિકારી સહિત અન્ય ત્રણ લોકો સાથે ગઈકાલે ધરપકડ કરી લેવાઈ હતી. કોંગ્રેસ કોર ગ્રુપની બેઠકમાં વ્યાપક ચર્ચા વિચારણા થઈ હતી. રેલવેમાં ઉંચા હોદ્દાને ફિક્સ કરવાના મામલામાં૯૦ લાખ રૂપિયાની લાંચ સ્વીકાર્યા બદલ ભત્રીજાની ધરપકડ કરવામાં આવ્યા બાદ બંસલે ખુલાસો કરતા કહ્યુ હતુ કે આ મામલામાં તેમના કોઈ લેવાદેવા નથી. તેમના સત્તાવાર કામથી પરિવાર સાથે કોઈ લેવાદેવા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે બંસલના ભત્રીજા સિંઘલાને ગઈકાલે પકડી લેવામાં આવ્યો હતો.

સીબીઆઈએ રેલવે બોર્ડના ટોચના સ્તર પર નિમણૂંક કરવાના બદલામાં ૯૦ લાખ રૂપિયાની લાંચ બદલ રેલવે બોર્ડના એક સભ્યને પણ પકડી લીધો હતો. સિંઘલાને તાજેતરમાં જ મેમ્બર (સ્ટાફ) તરીકે બઢતી પામેલા અને મેમ્બર (ઈલેક્ટ્રીકલ) જેવા લાભ વાળા હોદ્દાઓ મેળવવાના પ્રયાસ કરી રહેલા મહેશકુમારના સાથી મંજુનાથ પાસેથી ૯૦ લાખ રૂપિયાની લાંચના મામલામાં પકડી લેવાયા હતા. સીબીઆઈની ટીમે કુમારને વિમાનથી દિલ્હીથી મુંબઈ પહોંચતા જ પકડી લીધા હતા. તેમની સામે જુદી જુદી કલમો લાગુ કરવામાં આવી છે.

## કેન્દ્ર સરકારને મુશ્કેલીમાં મુકનાર લાંચનો કેસ શું છે

નવી દિલ્હી,તા. ૪

રેલવે લાંચ કેસના કારણે મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકાર હચમચી ઉઠી છે. કરોડો કમાવવાના હેતુસર ૯૦ લાખ રૂપિયાની લાંચ આપવામાં આવી હતી. વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજરના હોદ્દાથી રેલવે બોર્ડના મેમ્બર (સ્ટાફ) તરીકે બઢતી પામેલા મહેશકુમાર રેલવે બોર્ડના મેમ્બર (ઈલેક્ટ્રીકલ) તરીકે આકર્ષક હોદ્દો મેળવવા પ્રયાસ કરી રહ્યા હતા જેના માટે કુમાર સૌથી પહેલા ૯૦ લાખ રૂપિયાની અને ત્યારબાદ ૧.૧૦ કરોડ રૂપિયા સિંઘલાને આપવા તૈયાર થયા હતા. કુલ બે કરોડથી વધુની લાંચ હોદ્દો મેળવવા માટે ચૂકવવા કુમાર તૈયાર થયા હતા. રેલવે બોર્ડના મેમ્બર (ઈલેક્ટ્રીકલ)નો હોદ્દો ખુબજ મહત્વપૂર્ણ છે કારણ કે અહીંથી જ આગામી વર્ષોમાં ૨૦૦૦ કરોડની કિંમતના રેલવે પ્રોજેક્ટોના ટેન્ડરો પાસ થનાર છે.

# રેલવે બોર્ડના સભ્યના ટ્રાન્ઝીટ રિમાન્ડ મંજુર

## ટ્રાન્ઝીટ રિમાન્ડ બાદ રેલવે બોર્ડના સભ્યને મુંબઈથી દિલ્હી લવાશે : તમામ પ્રકારની મેડિકલ ચકાસણી કરાઈ

મુંબઈ,તા. ૪

મુંબઈની ખાસ અદાલતે રેલવે પ્રધાન પવનકુમાર બંસલના ભત્રીજાને આવરીલેતા લાંચના કેસમાં રેલવે બોર્ડના સભ્યના બે દિવસના ટ્રાન્ઝીટ રિમાન્ડ સીબીઆઈને આપી દીધા હતા. સીબીઆઈએ રેલવે બોર્ડના સભ્યના ટ્રાન્ઝીટ રિમાન્ડ મેળવ્યા બાદ વધુ તપાસ હાથ ધરી છે. વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજરના હોદ્દાથી રેલવે બોર્ડના સભ્ય (સ્ટાફ) તરીકે બઢતી પામેલા મહેશકુમારથી દિલ્હીથી આવી પહોંચ્યા બાદ ગઈકાલે મોડી રાત્રે મુંબઈ વિમાની મથકે ધરપકડ કરી લેવામાં આવી હતી. મહેશકુમારને ત્યારબાદ ખાસ સીબીઆઈ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા જ્યાં બે દિવસના ટ્રાન્ઝીટ રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા. મહેશકુમારને હવે દિલ્હી લાવવામાં આવશે. અગાઉ સીબીઆઈના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ હતુ કે મેડિકલ ચકાસણી માટે કુમારને સેંટ જ્યોર્જ મેડિકલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. સીબીઆઈની ભ્રષ્ટાચાર વિરોધી ટુકડીએ ગઈકાલે બંસલના ભત્રીજા વિજય સિંઘલાની ધરપકડ કરી હતી. મંજુનાથ પાસેથી ૯૦ લાખ રૂપિયાની લાંચ લેવામાં આવી હતી જે કુમાર માટે અપાઈ હોવાનું જાણવા મળે છે. કુમાર રેલવે બોર્ડના સભ્ય (ઈલેક્ટ્રિકલ)નો હોદ્દો મેળવવા પ્રયાસ કરી રહ્યા હતા જેના માટે તેઓ ૯૦ લાખ રૂપિયાની લાંચ આપવા માટે સહમત થયા હતા ત્યારબાદ સિંઘલાને ૧.૧૦ કરોડ રૂપિયા આપવા તૈયાર થયા હતા. રેલવેમાં મેમ્બર (ઈલેક્ટ્રિકલ)નો હોદ્દો આગામી ભવિષ્યમાં રેલવે પ્રોજેક્ટો જેની કિંમત ૨૦૦૦ કરોડની આસપાસ છે તે ટેન્ડરો પાસ કરવા માટે મહત્વપૂર્ણ છે.

અન્ય સભ્ય સંદિપ ગોયલ આ સૌદાને પાર પાડવા માટે મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યા હતા. સીબીઆઈએ આજે સવારે બે કુરિયર શખ્સોની પણ ધરપકડ કરી હતી. આ લોકોએ જ સિંઘલાને લાંચની રકમ આપી હતી. આની સાથે જ કેસમાં ઝડપાયેલાઓની સંખ્યા વધીને છ પર પહોંચી છે.

## મૂડીરોકાણને વધારવા માટે સરકારે તમામ પગલા લીધા

### સરકાર હજુ આકર્ષક પગલા લેશે : વડાપ્રધાન

ગ્રેટર નોઈડા,તા. ૪

વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યુ હતુ કે ભારતને વધુ આકર્ષક મૂડીરોકાણના સ્થળ તરીકે બનાવવા આકર્ષક પગલા લેવામાં આવી રહ્યા છે. આવનાર દિવસોમાં ભારત મૂડીરોકાણમાટે આદર્શ સ્થળ તરીકે ઉભરી આવશે. ૧૨મી પંચવર્ષિય યોજનામાં આઠ ટકાનો વિકાસદર હાથ ધરવાની ગણતરી કરવામાં આવી છે. ગ્રેટર નોઈડામાં એશિયન ડેવલોપમેન્ટ બેંકની ૪૬મી વાર્ષિક સામાન્ય બેઠકનું ઉદ્‌ઘાટન કરતા તેમણે કહ્યુ હતુ કે અમે મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા તમામ પગલા લઈ રહ્યા છીએ. ઘરઆંગણે અને વિદેશમાં મૂડીરોકાણકારોને આકર્ષિત કરવા વધુ પહેલ કરવામાં આવી રહી છે. મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોને હાથ ધરવા માટે પગલા લેવામાં આવ્યા છે. સિંહે એમ પણ કહ્યુ હતુ કે નાણાંમંત્રી અને કેટલાક દેશોની મુખ્ય બેંકોના વડાઓ આજની બેઠકમાં ઉપસ્થિત છે. સિંહે કહ્યુ હતુ કે ભારત નાણાંકીય સ્થિતિને મજબુત કરવા પગલા લઈ રહ્યુ છે. ઉંચા આર્થિક વિકાસદરને હાંસલ કરવામાં આવશે. ભારત ૧૨મી પંચવર્ષિય યોજના માટે આઠ ટકાના વિકાસદર માટે લક્ષ્ય ધરાવે છે. ૨૦૧૨-૧૭ સુધી ૧૨મી પંચવર્ષિય યોજના ચાલનાર છે. મેગા પ્રોજેક્ટોમાં મૂડીરોકાણને વધારવાના હેતુસર સરકારે ૧૦૦૦ કરોડથી વધુ કિંમતના પ્રોજેક્ટોને મંજુરી આપવા માટે મૂડીરોકાણ અંગે કેબિનેટ સમિતિની રચના કરી છે. જે ઝડપથી સમગ્ર પ્રક્રિયાને આગળ વધારશે. જુદી જુદી રેગ્યુલેટરીની મંજુરી પણ મેળવવામાં આવશે. હાલમાં જુદી જુદી રેગ્યુલેટરીની મંજુરી નહી મળવાના કારણે ઘણા પ્રોજેક્ટો અટવાયેલા છે.

# રેલવે મંત્રીની હકાલપટ્ટીની ભાજપ દ્વારા તીવ્ર માંગણી

## ચૂંટણી પહેલા ભાજપને વધુ એક હથિયાર મળ્યુ : પવનકુમાર બંસલની સામે ભ્રષ્ટાચાર અટકાયત ધારાની જુદી જુદી કલમ હેઠળ કેસ ચલાવવાની પણ માંગણી કરાઈ

નવી દિલ્હી,તા. ૪

રેલવે પ્રધાન પવનકુમાર બંસલના ભત્રીજાની લાંચ કાંડના સંબંધમાં ધરપકડ કરવામાં આવ્યા બાદ ભાજપે યુપીએ સરકાર પર દબાણ વધારી દીધુ છે. ભાજપને ચૂંટણીના મહત્વના સમયે યુપીએ સરકાર પર પ્રહાર કરવા વધુ એક હથિયાર મળી ગયુ છે. પવનકુમાર બંસલના ભત્રીજાની રેલવેમાં ઉંચા હોદ્દાઓને ફિક્સ કરવા બદલ ૯૦ લાખની લાંચ લેતા પકડી લેવામાં આવ્યા બાદ ભાજપે રેલવે પ્રધાનની હકાલપટ્ટીની માંગણી કરી છે. ભજપના પ્રવક્તા રવિશંકર પ્રસાદે કહ્યુ છે કે અમે માત્ર બંસલને મંત્રી પદેથી દૂર કરવાની માંગ કરી રહ્યા નથી બલકે તેમની સામે ભ્રષ્ટાચાર અટકાયત ધારાની કલમ ૧૩ હેઠળ કેન્દ્રિય તપાસ બ્યુરો (સીબીઆઈ) દ્વારા કેસ ચલાવવાની માંગ પણ કરી રહ્યા છીએ. જો કોઈ લોકસેવક પોતાના અથવા અન્ય કોઈ વ્યક્તિના લાભ માટે પોતાના હોદ્દાનો દુરુપયોગ કરે છે ત્યારે તેની સામે કેસ ચાલવો જોઈએ. બીજી બાજુ ચંદીગઢમાં ભાજપના નેતા સત્યપાલ જૈને રેલવે મંત્રીને દૂર કરવાની માંગ કરી છે. તેમણે કહ્યુ છે કે રેલવે બોર્ડમાં કોઈ પણ નિમણૂંક રેલવે મંત્રીની મંજુરી વગર થઈ શકતી નથી. સ્વતંત્ર તપાસની માંગ પણ કરવામાં આવી છે. બીજી બાજુ સીપીઆઈએમ દ્વારા પણ રાજીનામાની માંગ કરવામાં આવી છે. સીપીઆઈએમનું કહેવું છે કે રેલવે પ્રધાનની તાત્કાલિક હકાલપટ્ટી થવી જોઈએ કારણ કે સત્તાવાર હોદ્દાનો દુરુપયોગનો આ મજબુત કેસ બની રહ્યો છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ જાહેર : ગંભીર-યુવીની હકાલપટ્ટી

## પસંદગી સમિતિ દ્વારા કરાયેલી જાહેરાતથી ઘણાને આશ્ચર્ય : સહેવાગ, ગંભીર, યુવરાજ જેવા સ્ટાર ખેલાડીઓ વગર ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમ રમશે : રૈના, કોહલી, રોહિત શર્મા, વિજય, ધવન પર આધાર

મુંબઈ,તા. ૪

ઓપનિંગ બેટ્સમેન ગૌતમ ગંભીર અને મિડલ ઓર્ડર બેટ્સમેન યુવરાજસિંહની ઈંગ્લેન્ડમાં આગામી મહિને રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટેની ૧૫ સભ્યોની ભારતીય ટીમમાંથી હકાલપટ્ટી કરવામાં આવતા ક્રિકેટ ચાહકોને આશ્ચર્ય થયુ છે. બીજી બાજુ વિકેટકિપર બેટ્સમેન દિનેશ કાર્તિકના હાલમાં સારા ફોર્મના કારણે તક આપવામાં આવી છે. આજે બીસીસીઆઈ દ્વારા ચેમ્પિયન્સ ટ્રોફી માટેની અંતિમ ટીમની જાહેરાત કરી હતી. ગૌતમ ગંભીર અને યુવરાજસિંહની હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદ ટીમમાં કેટલાક સિનિયર ખેલાડીઓની ગેરહાજરી દેખાઈ રહી છે જેમાં વિરેન્દ્ર સહેવાગનો સમાવેશ થાય છે. વિરેન્દ્ર સહેવાગની પસંદગી સંભવિત ૩૦ સભ્યોની ટીમમાં પણ કરવામાં આવી ન હતી. ગૌતમ ગંભીરની જગ્યાએ ટીમમાં આશ્ચર્યજનકરીતે મુરલીવિજયની પસંદગી કરવામાં આવી છે. આઈપીએલની મેચોમાં શાનદાર ફોર્મના કારણે તેને તક મળી ગઈ છે. મુરલીવિજયને તક આપવામાં આવતા ગૌતમ ગંભીરના ચાહકોએ પ્રશ્ન ઉઠાવ્યા છે અને અહીં સુધી કહ્યુ છે કે મુરલીવિજયને છેલ્લે ખરાબ ફોર્મના કારણે તેની આઈપીએલ ટીમ ચેન્નઈ સુપર કિંગ્સમાંથી પણ પડતો મુકવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં ગૌતમ ગંભીરની પસંદગી જરૂરી હતી. ભૂતપૂર્વ સ્ટાર ક્રિકેટર સંદિપ પાટિલના નેતૃત્વમાં પસંદગી સમિતિની બેઠક મળી હતી જેમાં ખેલાડીઓના ફોર્મ અને ફિટનેસને લઈને ટીમની પસંદગી કરાઈ હતી. મુંબઈમાં પસંદગી સમિતિની બેઠક બાદ બીસીસીઆઈના સેક્રેટરી સંજય જગદલે દ્વારા ટીમની જાહેરાત કરવામાં આવી

હતી. ઝડપી બોલર અશોક ડિંડાને પણ સામેલ કરવામાં આવ્યો નથી. છઠ્ઠી જૂનથી ચમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત થઈ રહી છે. રહાણેની પણ પસંદગી કરવામાં આવી નથી. આઈપીએલમાં શાનદાર દેખાવ કરી રહેલા લેગ્સ સ્પિનર અમિત મિશ્રાનો રવિન્દ્ર જાડેજા અને આર અશ્વિનની સાથે સમાવેશ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય પસંદગીકારોએ ગૌતમ ગંભીરની હકાલપટ્ટી કરીને પ્રશ્નો ઉઠાવ્યા છે. જો કે ગંભીરની વેસ્ટઈન્ડિઝમાં રમાનારી ત્રિકોણીય શ્રેણી માટે સંભવિતોની યાદીમાં સમાવેશ કરાયો છે. ચેમ્પિયન્સ ટ્રોફી બાદ વેસ્ટઈન્ડિઝમાં ત્રિકોણીય શ્રેણી રમાનાર છે. પસંદગીકારો યુવા ખેલાડીઓને વધારે તક આપી રહ્યા છે આનો મુખ્ય હેતુ ૨૦૧૫માં રમાનાર વર્લ્ડકપની તૈયારીરૂપે છે. યુવરાજની હકાલપટ્ટી અન અપેક્ષિત નથી.

યુવરાજ આઈપીએલમાં ખરાબ ફોર્મમાં ચાલી રહ્યો છે. યુવરાજે પૂણે વોરિયર્સ તરફથી આઈપીએલની આઠ મેચોમાં એક પણ અડધી સદી વગર માત્ર ૧૫૬ રન બનાવ્યા છે અને તેની સરેરાશ ૨૨.૨૮ રનની રહી છે. તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર ૩૪ રનનો રહ્યો છે. ઈંગ્લેન્ડમાં ઝડપી બોલરોની વિકેટ હોય છે આને ધ્યાનમાં લઈને પાંચ બોલરોને રાખવામાં આવ્યા છે. ટીમમાં પાંચ સ્પેશિયાલિસ્ટ બેટ્સમેનો છે જેમાં વિરાટ કોહલી, સુરેશ રૈના, રોહિત શર્મા, મુરલીવિજય અને શિખર ધવનનો સમાવેશ થાય છે. ધોની અને કાર્તિક બે વિકેટકિપર બેટ્સમેન છે. ધવન અને વિજય ઓપનિંગ કરે તેવી શક્યતા છે. ભારત પોતાની પ્રથમ મેચ આફ્રિકા સામે છઠ્ઠી જૂનના દિવસે રમશે. ગ્રુપ એમાં ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકાની ટીમ છે. ૨૪મી માર્ચના દિવસે ઓસ્ટ્રેલિયા સામે ચાર ટેસ્ટ મેચોની શ્રેણી પૂરી થઈ ગયા બાદ ભારતીય ટીમ પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય વિદેશ પ્રવાશે જશે.

# કર્ણાટક વિધાનસભા ચૂંટણી માટે સઘન સુરક્ષા વચ્ચે આજે મતદાન

## ચૂંટણીમાં ૩૬૯૨ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે : મતગણતરીની પ્રક્રિયા ૮મી મેના દિવસે યોજાશે : ભાજપ અને કોંગ્રેસની વચ્ચે મુખ્ય સ્પર્ધા રહેશે

બેંગ્લોર,તા. ૪

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી આવતીકાલે યોજાનાર છે. આના માટેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. એક જ તબક્કામાં કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અસામાજિક તત્ત્વો ઉપર નજર રાખવામાં આવી રહી છે. કર્ણાટકની પડોશી રાજ્યો સાથેની સરહદો સીલ કરવામાં આવી છે. કોઈપણ અનિચ્છનીય બનાવો માટે પગલાં લેવાયા છે. તમામ જગ્યાઓએ ઈવીએમ મારફતે મતદાન યોજાનાર છે. આવા સંબંધમાં તમામ રાજકીય પક્ષો પોતપોતાની અંતિમ વ્યૂહરચના ઘડી ચૂક્યા છે. કર્ણાટકમાં કોંગ્રેસ, ભાજપ સહિતના તમામ રાજકીય પક્ષોની આકરી કસોટી થનાર છે. ભાજપમાં આંતરિક વિખવાદના કારણે તેને નુકસાન થવાની શક્યતા દેખાઈ રહી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોએ સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી. એકબાજુ શાસક પક્ષ ભાજપ તરફથી તમામ સ્ટાર પ્રચારકોએ ચૂંટણી પ્રચારમાં ભાગ લીધો હતો જેમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ બે વખત રાજ્યના પ્રવાસ કરીને ચૂંટણી સભાઓને સંબોધી હતી. સુષ્મા સ્વરાજ પણ પહોંચ્યા હતા. આ ઉપરાંત અન્ય ભાજપના નેતાઓએ પણ મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. ભાજપ અને કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ તમામ તાકાત લગાવી ચૂક્યા છે. એકબાજુ પ્રચાર દરમિયાન ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠ્યો હતો. જ્યારે બીજી બાજુ ભાજપે પણ યુપીએ ઉપર ભ્રષ્ટાચારના મુદ્દે પ્રહારો કર્યા હતા. ભાજપ તરફથી રાજનાથસિંહ, અડવાણી, સુષ્મા સ્વરાજ, મોદીએ શ્રેણીબદ્ધ મિટીંગોને સંબોધી હતી. કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી સ્ટાર પ્રચારક તરીકે રહ્યા હતા. કર્ણાટક મોટા રાજ્ય તરીકે છે જ્યાં આવતીકાલે ચૂંટણી યોજાનાર છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ ગુલબર્ગામાં જાહેર સભાને સંબોધી હતી. રાહુલે પણ બુધવારના દિવસે ભાગ લીધો હતો. વડાપ્રધાન મનમોહનસિંહે ચૂંટણી પ્રચાર કરીને ભ્રષ્ટાચારને લઈને પ્રહારો કર્યા હતા. કર્ણાટકમાં ૨૨૩ વિધાનસભાની બેઠક માટે ચૂંટણી યોજાનાર છે. પ્રિયા પટનામાં ચૂંટણી એક જગ્યાએ મોકૂફ કરી દેવામાં આવી છે. કારણ કે ભાજપના ઉમેદવારનું મોત થયું છે.

મતગણતરીની પ્રક્રિયા ૮મી મેના દિવસે યોજાનાર છે. વર્ષ ૨૦૦૮ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૩૩.૮૬ ટકા મત મેળવ્યા હતા પરંતુ ૧૧૦ બેઠકો તેને મળી હતી. જ્યારે કોંગ્રેસને ૩૪.૫૯ ટકા મત મળ્યા હતા. કોંગ્રેસને ૮૦ બેઠકો મળી હતી જ્યારે જેડીએસને ૧૯.૧૩ ટકા મત મળ્યા હતા અને ૨૮ બેઠકો જીતી હતી. છ અપક્ષોએ પણ જીત મેળવવામાં સફળતા મેળવી હતી. કર્ણાટકમાં કુલ મતદારોની સંખ્યા ૪૩૬૧૪૧૯૫ જેટલી છે. અપક્ષ ઉમેદવારોની સંખ્યા ૧૮૯૨ જેટલી છે. મતદાન પહેલાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ૨૫૩ ઉમેદવારોના પત્રો રદ કરવામાં આવ્યા હતા. કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ૨૨૪ અને ભાજપના ૨૨૩ ઉમેદવાર સહિત કુલ ૩૬૯૨ ઉમેદવારો મેદાનમાં ઉતરી રહ્યા છે. તમામ રાજકીય પક્ષોની નજર હાલમાં કર્ણાટક ચૂંટણી ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે.

# મુંબઈ વિમાની મથકે રણબીર કપૂરની અટકાયત કરી લેવાઈ

મુંબઈ,તા. ૪

અભિનેતા રણબીર કપૂરની આજે મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે સવારે અટકાયત કરી લેવામાં આવી હતી જેથી બોલિવૂડમાં આને લઈને ભારે ચર્ચા રહી હતી. તેની પાસે રહેલી કેટલીક ડ્યુટી મુક્ત ચીજવસ્તુઓની જાહેરાત રણબીર કપૂરે કરી ન હતી જેના લીધે તેની મુંબઈ વિમાની મથકે અટકાયત કરવામાં આવી હતી. આશરે ત્રણ કલાક સુધી આ સંબંધમાં તપાસની પ્રક્રિયા ચાલી હતી. ત્યારબાદ રણબીર કપૂર ઉપર ૫૦૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ દંડની રકમ લીધા બાદ રણબીર કપૂરને જવા દેવામાં આવ્યો હતો. રણબીર કપૂર બ્રિટીશ એરવેઝના વિમાન મારફતે લંડનથી પરત ફર્યો હતો. ત્યારબાદ તેની મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે સત્તાવાળાઓ દ્વારા અટકાયત કરી લેવામાં આવી હતી. તેની પાસે રહેલી ચીજવસ્તુઓની વિગત આપવા રણબીર કપૂરે ઈન્કાર કરતા તેની અટકાયત થઈ હતી. રણબીર કપૂર ઘણા બધા વિવાદોમાં વારંવાર રહે છે છતાં તે એક આઈકોનીક સ્ટાર તરીકે યુવા પેઢીમાં ઉભરી રહ્યો છે. યુવા પેઢીના સૌથી લોકપ્રિય અભિનેતાએ આ સંબંધમાં હજુ સુધી વિગત આપી નથી. જો કે આરકે દ્વારા તેની પાસે રહેલી ચીજવસ્તુઓ અંગે વિગત આપવામાં આવ્યા બાદ આ ચીજવસ્તુઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેને ઘરે પરથ ફરવાની મંજૂરી આપવામાં આવી હતી. થોડાક સમય પહેલાં જ પાકિસ્તાની ગાયક રાહત ફતેઅલી ખાનની પણ દિલ્હીમાં ઈન્દીરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે અટકાયત કરવામાં આવી હતી. તેની પાસે આશરે ૧.૨૪ લાખ ડૉલરની કિંમતની નોટ હતી. આ બનાવ દરમિયાન ગાયકને કલાકો સુધી પૂછપરછનો સામનો કરવો પડ્યો હતો. જો કે રણબીર કપૂરને ત્રણ કલાક સુધી હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. રણબીર કપૂરના ચાહકોમાં આને લઈને ભારે ચર્ચા રહી હતી.

# ખુરશીદની ચીન યાત્રા રદ કરાય તેવી શક્યતા

## ભારતીય સૈનિકોએ સાહસ દર્શાવી ચીનમાં ૪ કિલોમીટર સુધી ઘૂસણખોરી કરી લીધી હતી : મુલાયમસિંહનો દાવો

નવી દિલ્હી,તા. ૪

ચીની ઘૂસણખોરીના મુદ્દે ભારત અને ચીન આમને સામને આવેલા છે ત્યારે વિદેશમંત્રી સલમાન ખુરશીદની આગામી ચીન યાત્રાને લઈને સંકટના વાદળો ઘેરાયેલા છે. સલમાન ખુરશીદને દેશમાં જોરદાર વિરોધ વચ્ચે તેમની ચીન યાત્રાને મોકુફ કરવી પડે તેવી શક્યતા છે. બીજી બાજુ ચીની ઘૂસણખોરીના મામલે મુલાયમસિંહે ફરી એકવાર યુપીએ સરકારની ઝાટકણી કાઢી છે. વિદેશમંત્રી સલમાન ખુરશીદે હવે મુલાયમસિંહ યાદવ સાથે વાતચીત કરી છે. ખુરશીદે વડાપ્રધાન કચેરીમાં રાજ્ય પ્રધાન વી નારાયણ સામી સાથે આજે સવારે સંસદ સંકુલમાં યાદવ સાથે વાતચીત કરી હતી. સમાજવાદી પાર્ટીના સુત્રોના જણાવ્યા મુજબ ૪૦ મિનિટ સુધી આ વાતચીત ચાલી હતી. આ વાતચીત દરમિયાન સલમાન ખુરશીદે ચીની ઘૂસણખોરીના મામલાને ઉકેલવા માટે સરકારની રણનીતિની સાથે સાથે પાકિસ્તાનમાં માર્યા ગયેલા ભારતીય કેદી સરબજીતના મુદ્દા પર ચર્ચા કરી હતી.

યાદવે સલમાન ખુરશીદ સાથે વાતચીત કર્યા બાદ કહ્યુ હતુ કે હવે સરકાર ગંભીરતા દર્શાવી રહી છે પરંતુ ચીની સૈનિકોના ભારતીય ભૂમિમાંથી ખદેડી મુકવાની જરૂર છે. તેમણે એવો દાવો કર્યો હતો કે જ્યારે તેઓ સંરક્ષણ પ્રધાન તરીકે હતા ત્યારે ચીની સેનાએ ભારતીય ક્ષેત્રમાં એક કિલોમીટર સુધી ઘૂસણખોરી કરી હતી. યાદવે ઉમેર્યુ હતુકે ચીની સૈનિકોને ખદેડી મુકવા માટે તેઓએ તરત જ આદેશ આપ્યો હતો. આ પ્રક્રિયામાં ભારતીય સૈનિકોએ સાહસ દર્શાવીને ચીનમાં ચાર કિલોમીટર સુધી ઘૂસણખોરી કરી હતી. સપાના પ્રમુખે સલમાન ખુરશીદને એમ પણ કહ્યુ હતુ કે ચીન પર વિશ્વાસ કરી શકાય નહીં. હાલમાં જ મુલયમસિંહે લોકસભામાં સરકારની ટીકા કરી હતી અને કહ્યુ હતુ કે ચીની કાર્યવાહીનો જવાબ આપવામાં આવે તે જરૂરી છે. આમાં યુદ્ધ થાય તો પણ ચિંતા નથી. મુલાયમે કહ્યુ હતુ કે ચીન ભારતના સૌથી મોટા દુશ્મન તરીકે છે.